बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સિલવાસા શાખા, આદિવાસી વિકાસ સંગઠન ભવન ટોકરખાડા
પાયોનિયર હોટેલ સામે, સિલવાસા, દાદરા નગર હવેલી (યુ.ટી.)
ફોન : ૯૧-૨૬૦-૨૬૪૦૩૫૨ ઇમેઇલ : silvas@bankofbaroda.com

પરિશિષ્ટ IV [જુઓ નિયમ ૮(૧)] કબજા નોટીસ

જત જણાવવાનું કે, નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ સાથે વંચાતી કલમ ૧૩ હેઠળ મળેલી સત્તાની રૂએ **તારીખ ૦૩.૦૪.૨૦૨૦** ના રોજ માંગણા નોટીસ જારી કરીને **દેવાદાર/જામીનદાર/ગીરવેદાર શ્રી જિતેશ ઝવેરભાઈ વૈષ્ણવ** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂ. ૯,૭૧,૪૦૩.૦૩ /- (રૂપિયા નવ લાખ ઇકોતેર હજાર ચારોસ ત્રણ પુરા)** વત્તા **૩૦.૦૩.૨૦૨૦ મુજબ** (૩૦.૦૩.૨૦૨૦ સુધીના વ્યાજ સહીત) તેમજ ચડત વ્યાજ અને ખર્ચ આ નોટીસની તારીખ/ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યુ હતું.

દેવાદારો/જામીનદાર/ગીરવેદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદારો/જામીનદારો/ગીરવેદારો અને જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ નિયમોના નિયમ ૮ સાથે વંચાતી જણાવેલ એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ તેમને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ મિલકતનો કબજો **૧૩ જુન, ૨૦૨૩** ના રોજ લઇ લીધો છે.

આથી ખાસ કરીને દેવાદારો/જામીનદારો/ગીરવેદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદરહું મિલકત સાથે કોઇ સોદો કરવો નહી અને આ મિલકત સાથે કરેલ કોઇપણ સોદો બેંક ઓફ બરોડાની રકમ રૂા. ૮,૮૭,૪૫૫.૦૮ /- (રૂપિયા આઠ લાખ સિત્યાંસી હજાર ચારસો પંચાવન અને આઠ પૈસા પુરા) ૧૦.૦૬.૨૦૨૩ મુજબ (૧૦.૦૬.૨૦૨૩ સુધીના વ્યાજ સહીત) અને પુરેપુરી ચુકવણી સુધી તેના પરનું વ્યાજ ખર્ચના ચાર્જને આધિન રહેશે. સિક્યોર્ડ એસેટ છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતની વિગત

ફ્લેટ નં. ૩૦, ક્ષેત્રફળ ૭૧.૦૯ ચો.મી., એટલે કે ૭૬૫ ચો.ફુટ (સુપર બિલ્ટ અપ એરિયા) ચોથો માળ, બિલ્ડીંગ નં. જી, ગોકુલ વિહાર તરીકે જાણીતી, સર્વે નં. ૩/૧, ૩/૨, ૩/૩/૧/૧, ૩/૩/૧/૨ અને ૩/૩/૧/૩ની એન.એ જમીન પર બંધાયેલ ગામ સિલ્વાસા, દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશ ખાતેની કાનુની ગીરોની મિલકતના તમામ ભાગ અને હિસ્સા.

સ્થળ : સિલવાસા, તારીખ : ૧૩.૦૬.૨૦૨૩ **અધિકૃત અધિકારી, (બેંક ઓફ બરોડા)**

હરાજી સહ વેચાણની જાહેર નોટીસ (પરિશિષ્ટ–૪ એ) (નિયમ ૮ (૬)

સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (અહીં પછી એક્ટ) હેઠળ આઇઆઇએફએલ હોમ ફાયનાન્સ લીમીટેડ (અહીં પછી ઇન્ડિયા ઇન્ફોલીન હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી) (આઇઆઇએફએલ–એચએફએલ) કોર્પોરેટ ઓફીસ પ્લોટ નં. ૯૮, ઉદ્યોગ વિહાર, ફેઝ–૪, ગુરગાઁવ–૧૨૨૦૧૫ (હરિયાણા), અને શાખા ઓફીસ: **અમદાવાદ કોમર્સ હાઉસ, ચોથો માળ, કોમર્સ હાઉસ ૪, શેલ પેટ્રોલ પંપ પાસે, આનંદનગર રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ–૩૮૦૦૫૧** ને ગીરો કરાયેલ સ્થાવર મિલકતનું વેચાણ. જણાવાનું કે આઇઆઇએફએલ– એચએફએલ ના અધિકૃત અધિકારી (એઓ) એ એક્ટની કલમ ૧૩ (૨) હેઠળ જારી કરેલ નોટીસ અન્વયે નીચેના લોનએકાઉન્ટો/પ્રોસ્પેક્ટ નંબરોમાં નીચેની મિલકત/તોનો કબજો આઇઆઇએફએલ–એચએફએલની બાકી રકમની વસુલાત માટે "જ્યાં છે", "જે છે", ના ધોરણે તેના વેચાણના હકો સાથે લઇ લીધો છે. વેચાણ વેબસાઇટ **www.bankeauctions.com** ખાતે પુરા પડાયેલ ઈ–હરાજી પ્લેટફોર્મ મારફત નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે.

દેવાદાર(રો)/ સહ–દેવાદાર(રો) / જામીનદાર(રો)	માંગણા નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકત /મિલકતોની વિગત / સિક્યોર્ડ એસેટ	સાંકેતિક કબજાની તારીખ	રિઝર્વ કિંમત
૧. શ્રી વિરલ મફતલાલ પટેલ, ૨. શ્રીમતી ગંગાબેન પટેલ, ૩. શ્રી મફતલાલ પટેલ **(પ્રોસ્પેક્ટ નં. ૮૨૮૦૩૨)**	**૦૯–૧૧–૨૦૨૨** રૂા. ૨૩,૩૦,૩૦૫/– (રૂપિયા ત્રેવીસ લાખ ત્રીસ હજાર ત્રણસો પાંચ પુરા) **બિડ વૃદ્ધિની રકમ** રૂા. ૨૫,૦૦૦/– (રૂપિયા પચ્ચીસ હજાર પુરા)	ફ્લેટ નં. ઇ–૪૦૨, ક્ષેત્રફળ કાર્પેટ એરિયા ૫૩૮ ચો. ફુટ, સુપર બિલ્ટ અપ એરિયા ૮૮૮ ચો. ફુટ, સરફેસ પેરેડાઇઝ, તક્ષશિલા સ્કુલ થી પાંજરાપોળ રોડ, ગોર્વધન પાર્ક પાછળ, દેવ દર્શન ફ્લેટ, વસ્ત્રાલ, અમદાવાદ–૩૮૨૪૧૫, ગુજરાત, ભારત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **(બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૧૨૧૫ ચો. ફુટ)**	**૦૭–૦૨–૨૦૨૩** **કુલ બાકી રકમ અને તારીખ** **૦૧–જુન–૨૦૨૩** **રૂા. ૨૫,૨૧,૫૭૮/–** (રૂપિયા પચ્ચીસ લાખ એકવીસ હજાર પાંચસો ઇઠોતેર પુરા)	રૂા. ૨૦,૨૫,૦૦૦/ (રૂપિયા વીસ લાખ પચ્ચીસ હજાર પુરા) **અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી)** **રૂા. ૨,૦૨,૫૦૦/–** (રૂપિયા બે લાખ બે હજાર પાંચસો પુરા)
૧. શ્રી હર્ષદ મંગળદાસ સેવક, ૨. શ્રીમતી દક્ષાબહેન હર્ષદભાઇ સેવક, ૩. શ્રી સાગર સેવક, ૪. શ્રી પ્રમુખ એપેરિયલ્સ **(પ્રોસ્પેક્ટ નં. આઇએલ૧૦૦૬૭૬૧૩)**	**૧૪–૦૯–૨૦૨૨ રૂા. ૧૯,૬૪,૮૯૨/–** (રૂપિયા ઓગણીસ લાખ ચોસઠ હજાર આઠસો બાણું પુરા) **બિડ વૃદ્ધિની રકમ** રૂા. ૨૫,૦૦૦/– (રૂપિયા પચ્ચીસ હજાર પુરા)	ડી–૬૦૨, ક્ષેત્રફળ કાર્પેટ એરિયા ૪૮૦.૮૨ ચો.મી. ચો. ફુટ, રાધે હાઇટ્સ, હાથીજણ સર્કલ પાસે, હાથીજણ, અમદાવાદ, ગુજરાત, ભારત–૩૮૨૪૪૫ ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા.	**ભૌતિક કબજાની તારીખ** **૧૬–એપ્રિલ–૨૦૨૩** **કુલ બાકી રકમ અને તારીખ** **૦૧–જુન–૨૦૨૩ રૂા. ૨૩,૨૭,૫૯૧/–** (રૂપિયા ત્રેવીસ લાખ સત્યાવીસ હજાર પાંચસો એકાણું પુરા)	રૂા. ૧૫,૫૦,૦૦૦/ (રૂપિયા પંદર લાખ પચ્ચાસ હજાર પુરા) **અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી)** **રૂા. ૧,૫૫,૦૦૦/–** (રૂપિયા એક લાખ પંચાવન હજાર પુરા)

મિલકતની નિરિક્ષણની તારીખ	ઇએમડીની છેલ્લી તારીખ	ઈ–હરાજીની તારીખ / સમય
૨૯–જુન–૨૦૨૩ ૧૧:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી	૦૩–જુલાઈ–૨૦૨૩ ૫.૦૦ કલાક સુધી	૦૫–જુલાઈ–૨૦૨૩ સવારે ૧૧:૦૦ થી બપોરના ૧૩:૦૦ કલાક સુધી

ચુકવણીની પદ્ધતિ: ઇએમડી ચુકવણીઓ ફક્ત ઓનલાઇન પદ્ધતિથી કરી શકાશે. ચુકવણીઓ કરવા માટે https://www.bankeauctions.com **ની મુલાકત લેવી અને ફક્ત મિલકત માટે ઉપલબ્ધ લિંક મારફત ચુકવણી કરવી.**

નોંધ: દરેક મિલકત માટે ચુકવણી લિંક અલગ અલગ છે. ખાતરી કરો કે તમે જાહેર હરાજી દ્વારા ખરીદવા ઇચ્છો છો તેજ મિલકત ની લિંકનો ઉપયોગ કરી રહ્યાં છો. બીડ સફળ થયા પછી બાકીની ચુકવણી આરટીજીએસ/એનઇએફટી મારફત કરવાની રહેશે. એકાઉન્ટ વિગોત નીચે મુજબ છે: (એ) એકાઉન્ટનું નામ: આઇઆઇએફએલ હોમ ફાયનાન્સ લીમીટેડ (બી) બેંકનું નામ: સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક,(સી) એકાઉન્ટ નં. ૯૯૦૨૮૭૯ પછી પ્રોસ્પેક્ટ નંબર (ડી) આઇએફએસસી કોડ:– SCBL0036001 (ઇ) બેંકનું સરનામું : સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, ૯૦ એમ.જી. રોડ, ફોર્ટ, મુંબઇ–૪૦૦૦૦૧

શરતો અને નિયમો:

૧. ઈ–હરાજીમાં ભાગ લેવા માટે, રસ ધરાવતા બીડરોએ અગાઉથી સર્વિસ પ્રદાતા **https://www.bankeauctions.com** માં તેમની વિગતો રજીસ્ટર કરવી જરૂરી છે અને લોગીન એકાઉન્ટ, લોગીન આઇડી અને પાસવર્ડ બનાવવા જરૂરી છે. રસ ધરાવતા બીડરોએ ટેન્ડર ફોર્મ તેમજ ઇએમડની ચુકવણીની વિગતો, કેવાયસી અને પાનકાર્ડની નકલ ઉપર જણાવેલ શાખા ઓફીસે જમા કરાવા/મોકલવા જરૂરી છે.

૨. બીડરો બીડ વૃદ્ધિની રકમની કોલમ હેઠળ જણાવેલ રકમના ગુણાંકમાં તેમની ઓફરોમાં સુધારો કરી શકે છે. હરાજી બંધ થવાની છેલી ૫ મીનિટમાં બીડ થવાના કિસ્સામાં, બંધ થવાનો સમય આપમેળે ૫ મિનિટ વધી જશે.

૩. સફળ બીડરે બીડની રકમના ૨૫ ટકા (ઇએમડીની રકમ બાદ કરીને) એઓ દ્વારા બીડની કિંમત મજુર થયાના ૨૪ કલાકની અંદર જમા કરવાના રહેશે અને બીડની રકમના બાકીના ૭૫ ટકા સિક્યોર્ડ લેણદાર દ્વારા વેચાણની મંજુરીની તારીખથી ૧૫ દિવસની અંદર જમા કરવાના રહેશે. તમામ જમા અને ચુકવણીઓ ચુકવણીની રીતમાં જણાવ્યા મુજબ કરવાની રહેશે.

૪. ખરીદારે સેશ, લાગુ સ્ટેમ્પ ડ્યુટી, ફી અને અન્ય કાનુની બાકી અને અન્ય બાકી જેવાકે મ્યુન્સિપલ ટેક્સ, ઇલેક્ટ્રીસીટી ચાર્જીસ, જમીન અને તમામ અન્ય આકસ્મીક કોસ્ટ, ચાર્જ તેમજ તમામ વેરા અને મિલકતને સંબંધિત અન્ય બાહ્ય દરો ભોગવવાના રહેશે.

૫. બીડરોને ઈ–હરાજીમાં ભાગ લેવા માટે તેમની બીડ જમા કરતા પહેલા હરાજી વેચાણ અને હરાજી અરજી ફોર્મની વિગતવાર શરતો અને નિયમો માટે વેબસાઇટ **https://bankeauctions.com** અને **https://www.iifl.com/home-loans/properties-for-auction** જોવા સલાહ છે.

૬. વધુ વિગતો, મદદ, પ્રક્રિયા અને ઈ–હરાજી અંગેની ઓનલાઇન તાલીમ માટે ભાવી બીડરો સર્વિસ પ્રદાતાના ઇમેઇલ આઇડી **support@bankeauctions.com** સપોર્ટ હેલ્પલાઇન નંબરો: ૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬ નો સંપર્ક કરી શકે છે અને કોઇપણ મિલકત સંબંધિત પુછપરછ, મિલકતના નિરિક્ષણ અને ઓનલાઇન બીડ વગેરે માટે આઇઆઇએફએલ –એચએફએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૬૭૨ ૪૯૯ ઉપર સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૦૯:૩૦ વાગ્યાથી સાંજે ૧૮:૦૦ વાગ્યા સુધી કોલ કરવો અથવા ઇમેઇલ: **auction.hl@iifl.com** ઉપર લખો.

૭. આથી ઉપર જણાવેલ દેવાદારોને ઘરેલું સામાન જે ભૌતિક કબજો લેવા સમયે સિક્યોર્ડ એસેટમાં હતો તે સાત દિવસની અંદર લઇ જવા જાણ કરવામાં આવે છે, નહીતર આઇઆઇએફએલ–એચએફએલ સંજોગોવસાત મિલકતના કોઇપણ નુકશાન માટે જવાબદાર ગણાશે નહી.

૮. દેવાદારોને વધુમાં નોટીસ આપવામાં આવે છે કે , ઉપર જણાવેલ વસ્તુઓ લેવામાં તેઓ નિષ્ફળ જશે તો, કાયદા અનુસાર વેચાણ કરવામાં આવશે.

૯. ઉપર જણાવેલ સમયગાળામાં સફળ બીડર/હરાજી ખરીદાર દ્વારા કોઇપણ સ્તરે કસુરના કિસ્સામાં, વેચાણ રદ કરવામાં આવશે અને પહેલેથી ચુકવેલ રકમ (ઇએમડી સહીત) જપ્ત કરવામાં આવશે અને મિલકતનું ફરી વેચાણ કરવામાં આવશે.

૧૦. અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર ટેન્ડર/હરાજીની શરતો અને નિયમોમાં ફેરફાર કરવાનો અથવા મોકુફ/ રદ કરવાનો હક અનામત રાખે છે. ટેન્ડર/હરાજીમાં કોઇપણ વિવાદના કિસ્સામાં, આઇઆઇએફએલ–એચએફએલના અધિકૃત અધિકારનો નિર્ણય અંતિમ ગણાશે.

સરફૈસી એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૯ પેટા નિયમ (૧) હેઠળ ૧૫ દિવસીય કાનુની વેચાણ નોટીસ

આથી દેવાદારોને ટેન્ડરની તારીખ/હરાજી પહેલા ઉપર જણાવેલ રકમ તેમજ અંતિમ તારીખ સુધી વ્યાજ અને આકસ્મીક ખર્ચ ચુકવવા જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં હરાજી અને વેચાણ કરવામાં આવશે અને બાકી રકમ જો કોઇ હોય તો વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે.

સ્થળ : અમદાવાદ, તારીખ : ૧૫.૦૬.૨૦૨૩ **સહી/– અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાયનાન્સ લીમીટેડ**

ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ

fincare Small Finance Bank

રજીસ્ટર્ડ ઓફીસ : ૩૦૧–૩૦૬, ત્રીજો માળ, અભિજીત–૪, મેયર્સ બંગલો સામે, લૉ ગાર્ડન રોડ, મિઠાખડી, અમદાવાદ–૩૮૦૦૦૬, ફોન : +૯૧–૭૯–૪૦૦૧૧૦૦૦. CIN No. U67120GJ1995PLC025373
કોર્પોરેટ ઓફીસ : ૮૩૫/૩૯, પાંચમો માળ, બ્રેન મરક્યુરી, કૈકોન્દ્રહલ્લી, સરજાપુર મેઇન રોડ, બેંગલુરુ –૫૬૦૦૩૫, કર્ણાટકા , ફોન : +૯૧–૮૦–૪૨૫૦૪૪૪૪ www.fincarebank.com

પરિશિષ્ટ ૪ – [જુઓ નિયમ ૮(૧)] કબજા નોટીસ

જત જણાવવાનું કે **ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ**ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને માંગણા નોટીસ જારી કરી દેવાદારો, ગીરવેદારો, સહ–દેવાદારો અને જામીનદારોને જણાવેલ માંગણા નોટીસમાં દર્શાવેલ રકમ આ માંગણા નોટીસની તારીખથી ૬૦ દિવસ (સાંઇઠ દિવસ) ની અંદર ચુકવવા જણાવ્યું હતું.

નીચે જણાવેલ દેવાદારો, ગીરવેદારો, સહ–દેવાદારો અને જામીનદારો રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી ખાસ કરીને દેવાદારોને અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯ સાથે વંચાતી જણાવેલ એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ ૪ હેઠળ તેમને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ મિલકત/મિલકતોનો **ભૌતિક કબજો** લઇ લીધો છે.

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

પરિણામે ખાસ કરીને અહીં ઉપર જણાવેલ દેવાદારો, ગીરવેદારો, સહ–દેવાદારો અને જામીનદારો, સહ–કરજદારો અને કોન્સેન્ટર્સને અને જાહેર જનતાને અહીં ઉપર જણાવેલ મિલકતો સાથે સોદો ન કરવા સાવધ કરવામા આવે છે અને મિલકત/મિલકતો સાથેનો કોઇપણ સોદો ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડની રકમ અને ચડત વ્યાજ તેમજ વસુલાતની તારીખ સુધી તેના પરના અન્ય ચાર્જને આધિન રહેશે.

ક્રમ નં.	દેવાદાર, ગીરવેદાર, સહ–અરજદાર અને અરજદાર	કબજો લીધો	કુલ બાકી રકમ
૧	**શ્રી/શ્રીમતી મકવાણા મહેન્દ્રભાઇ શામજીભાઇ,** **શ્રી/શ્રીમતી મકવાણા સુનિતાબેન મહેન્દ્રભાઇ** **માંગણાં નોટીસની તારીખ : ૨૮–૦૨–૨૦૨૦, લોન નંબર : ૧૮૬૬૦૦૦૦૦૬૦૧૮૮**	**કબજો લીધો : ૧૧–૦૬–૨૦૨૩**	**રૂા. ૧૨૫૦૭૧૭/– ૨૪–૦૨–૨૦૨૦** મુજબ તેના પરનું ચડત વ્યાજ અને અન્ય ચાર્જિસ.
	સ્થાવર મિલકતની વિગત : જમીનનો સિટી સર્વે નં. ૧૩૩/૨, સિટી સર્વે બ્લોક નં. ૧૦ જમીનનું ક્ષેત્રફળ ૩૪–૭૪–૫૮ ચો.મી., જુનાગઢ, મુકામ–મંગનાથ મંદિર પાછળ, ડાભેલ ફળિયા, જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશ જુનાગઢની લીમીટ ખાતેની રેસિડેન્સીયલ હાઉસના બાંધકામના તમામ ભાગ અને હિસ્સા. કુલ ક્ષેત્રફળ સિક્યોર્ડ એસેટ ૩૪–૭૪–૫૮ ચો.મી. તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ. ચતુ:સીમા : પુર્વ : અન્ય મિલકત, પશ્ચિમ : અન્ય મિલકત, ઉત્તર : રોડ, દક્ષિણ : અન્ય મિલકત તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ.		
૨	**શ્રી/શ્રીમતી વાગડિયા ચંદુભાઇ વસરામભાઇ,** **શ્રી/શ્રીમતી વાગડિયા શાંતા વસરામભાઇ,** **વાગડિયા ભરતકુમાર વસરામભાઇ** **માંગણાં નોટીસની તારીખ : ૦૩–૦૬–૨૦૨૧, લોન નંબર : ૧૯૬૬૦૦૦૦૦૫૫૭૭૭**	**કબજો લીધો : ૧૧–૦૬–૨૦૨૩**	**રૂા. ૪૯૮૯૨૪/– ૨૪–૦૨–૨૦૨૦** મુજબ તેના પરનું ચડત વ્યાજ અને અન્ય ચાર્જિસ.
	સ્થાવર મિલકતની વિગત : શોપ નં. ૪, જમીનનું ક્ષેત્રફળ ૯–૫૭ ચો.મી., મુકામ–ગ્રાઉન્ડ ફ્લોર, શ્રીજી કોમ્પલેક્ષ, બાંધકામ જમીનનું ક્ષેત્રફળ ૩૫૨–૨૫ ચો.મી., પ્લોટ નં. ૨૩, રેવન્યુ સર્વે નં. ૮ પૈકી, ગામ–જોશીપુરા, જુનાગઢ ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. કુલ ક્ષેત્રફળ સિક્યોર્ડ એસેટ ૯–૫૭ ચો.મી. તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ. ચતુ:સીમા : પુર્વ : જાહેર રોડ, પશ્ચિમ : શોપ, ઉત્તર : શોપ નં. ૫, દક્ષિણ : બિલ્ડીંગનો પેસેજ તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ.		
૩	**શ્રી/શ્રીમતી વિવેક જ્યંતિલાલ દોલાસિયા,** **શ્રી/શ્રીમતી ઘેવરીયા મીરાબેન મધુકાંત** **માંગણાં નોટીસની તારીખ : ૨૮–૦૨–૨૦૨૦, લોન નંબર : ૧૯૬૬૦૦૦૦૩૭૦૧૧**	**કબજો લીધો : ૧૧–૦૬–૨૦૨૩**	**રૂા. ૧૨૨૦૩૨૭/– ૨૫–૦૫–૨૦૨૧** મુજબ તેના પરનું ચડત વ્યાજ અને અન્ય ચાર્જિસ.
	સ્થાવર મિલકતની વિગત : ફ્લેટ નં. ૧૦૧, ક્ષેત્રફળ અંદાજે ૮૯૬.૦૦ ચો. ફુટ અંદાજે ૮૩.૨૪ ચો.મી., બિલ્ટ અપ એરિયા, પહેલો માળ, વિઠ્ઠલેશ કોમ્પલેક્ષ તરીકે જાણીતી બિલ્ડીંગ, સિટી સર્વે બ્લોક નં. ૬, સર્વે નં. ૧૨૭, જુનાગઢ, વધુ વિગત મુકામ–મહાલક્ષ્મી રોડ, તાલુકો જિલ્લો–જુનાગઢ, ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. કુલ ક્ષેત્રફળ સિક્યોર્ડ એસેટ ૮૩–૨૪ ચો.મી. તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ. ચતુ:સીમા : પુર્વ : ફ્લેટ નં. ૧૦૨ અને કોમન દિવાલ, પશ્ચિમ : વિઠ્ઠલેશ ભુવન હવેલી, ઉત્તર : રોડ, દક્ષિણ : કોમન પેસેજ અને ફ્લેટનો મુખ્ય દરવાજો તેમજ તેના પરનું ભાવી અને વર્તમાન બાંધકામ.		

તારીખ : ૧૫–૦૬–૨૦૨૩, સ્થળ : ગુજરાત **સહી/– અધિકૃત અધિકારી, ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ વતી**

આવાસ ફાયનાન્સિયર્સ લીમીટેડ

Aavas SAPNE AAPKE, SAATH HAMAARA

(અગાઉ એયુ હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી) (CIN :L65922RJ2011PLC034297)
રજી. અને કોર્પો. ઓફીસ : ૨૦૧–૨૦૨, બીજો માળ, સાઉથ એન્ડ સ્કવેર, માનસરોવર ઇન્ડસ્ટ્રીયલ એરિયા, જયપુર–૩૦૨૦૨૦

કબજા નોટીસ

જત જણાવવાનું કે નીચે સહી કરનાર **આવાસ ફાયનાન્સિયર્સ લીમીટેડ (અગાઉ ''એયુ હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી'')** ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન અને રિકન્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૯ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મને મળેલ સત્તાનો ઉપયોગ કરીને જણાવેલ નોટીસની બજવણીની તારીખથી ૬૦ દિવસની અંદર સબંધિત નોટીસમાં નીચે જણાવલે રકમ ચુકવી જવા દેવાદારોને માંગણાં નોટીસ પાઠવી હતી. દેવાદારો રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ જતાં જણાવેલ નિયમોના નિયમ ૯ સાથે વંચાતી જણાવેલ કાયદાની કલમ ૧૩(૪) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલે મિલકતોનો કબજો નીચે જણાવેલ તારીખોએ લઇ લીધો છે. ખાસ કરીને દેવાદારો અને જામીનદારોને અને જાહેર જનતાને અહી સાવધ કરવામાં આવે છે કે મિલકતો સાથે કોઇ વ્યવહાર કરવો નહી અને મિલકત સાથેનો કોઇ પણ વ્યવહાર **આવાસ ફાયનાન્સિયર્સ લીમીટેડ (અગાઉ ''એયુ હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી'')** ના અહી નીચે જણાવેલ રકમ અને તેના પરનાં ચડત વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું નામ	માંગણા નોટીસની તારીખ અને રકમ	મિલકતની વિગત	કબજા નોટીસની તારીખ અને પ્રકાર
ચિરાગ કોટલકર, શ્રીમતી તારલબેન આર. કોતલકર (A/c No.) LNVAD03320-210160624	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૪૫૧૮૪૦/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	ફ્લેટ નં. એ/૨૦૩, બીજો માળ, પ્રાર્થના ફ્લેટ, ટાવર–એ, રેવન્યુ સર્વે નં. ૨૪૫, ટીપી નં. ૫, એફ.પી. નં. ૧૭૨, મોજે–સાવડ, જિલ્લો અને પેટા જિલ્લો–વડોદરા, ગુજરાત–૩૯૦૦૦૬ **ક્ષેત્રફળ ૪૩૦ ચો. ફુટ**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
મંજુલાબેન એમ. સોલંકી, શ્રી તેજસ એમ. સોલંકી, જામીનદાર : શ્રી રમેશચંદ્ર એસ. તીવારી (A/c No.) LNSUR00317-180067093	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૧૧૨૬૨૩૧/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	પ્લોટ નં. ૧૯, ગોર્વધન નગર, મુકામ–રેવન્યુ સર્વે નં. ૧૦૪/૧ અને ૧૦૫, બ્લોક નં. ૧૦૬, ટીપી સ્કીમ નં. ૬૯, મોજે–ગોડાદરા–ડિંડોલી, ચૌર્યાસી, સુરત, ગુજરાત. **ક્ષેત્રફળ ૨૯.૬૩૫ ચો.મી.**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
પ્રીતિ નિલેષભાઇ બોરિચા, શ્રી નિલેષભાઇ મનસુખભાઇ બોરિચા (A/c No.) LNBHV02221-220179797	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૭૩૯૩૦૩/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, પ્લોટ નં. ૧, રેવન્યુ સર્વે નં. ૧૯૬/૧, સાકાર રેસિડેન્સી, સવગુન નગર, વરતેજ, ભાવનગર, ગુજરાત. **ક્ષેત્રફળ ૩૭.૫૦ ચો.મી.**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
રાકેશભાઇ ભીખાભાઇ મકવાણા, શ્રીમતી સવિતાબેન રાકેશભાઇ ભંગી, શ્રી ભીખાભાઇ શંકરભાઇ ભંગી, જામીનદાર : શ્રી કાકુજી હાથીસંગ ઠાકોર (A/c No.) LNMEH02920-210150676	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૪૦૪૪૨૩/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	મિલકત નં. ૨૫૪, એસેસમેન્ટ સિરીયલ નં. ૩૦૬, વાલ્મીકી વાસ, વલસાણા, વડનગર, મહેસાણા, ગુજરાત ખાતેની મિલકત. **ક્ષેત્રફળ ૭૨૮ ચો. ફુટ**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
રમેશભાઇ દેવકરણભાઇ પટેલ, શ્રીમતી મંજુલાબેન રમેશભાઇ પટેલ (A/c No.) LNIDA04319-200126703 & LNIDA02917-180065246	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૪૪૨૭૬૨/– રૂા. ૮૯૫૦૯૨.૪૧/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	મિલકત નં. ૨૨૯, મુકામ–કાવા, ઇડર, સાબરકાંઠા, ગુજરાત. **ક્ષેત્રફળ ૧૨૦૦ ચો. ફુટ**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
રસિકભાઇ જેરામભાઇ લકુમ, શ્રી ધર્મેન્દ્રભાઇ રસિકભાઇ લકુમ, શ્રીમતી મધુબેન રસિકભાઇ લકુમ (A/c No.) LNSNA00616-170032105 & LNBOT04318-190073034	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૧૫૭૫૫૯૬.૪૧/– રૂા. ૩૦૧૫૪૪.૪૧/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	પ્લોટ નં. ૨૪, બોટાદ રેવન્યુ સર્વે નં. ૭૭૧/૩ અને ૭૭૧/૪ પૈકી, બોટાદ, તાલુકો–બોટાદ, જિલ્લો–બોટાદ, ગુજરાત. **ક્ષેત્રફળ ૮૯.૬૫ ચો.મી.**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
રેખાબેન આર. સંગાથીયા, શ્રી રમેશભાઇ આર. સંગાથીયા (A/c No.) LNSUR09420-210172601 & LNSUR00316-170039627	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૨૮૩૬૯૯/– રૂા. ૮૯૫૦૯૨.૪૧/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	ફ્લેટ નં. ૨૦૧, બિલ્ડીંગ નં. બી૩, બી વિંગ, ગોપાલ રેસિડેન્સી, બાંધકામ પ્લોટ નં. ૧ થી ૧૮, રેવન્યુ સર્વે નં. ૧૫૫/૪, ૧૬૩, ૧૬૭/૧, ૧૬૭/૨, બ્લોક નં. ૧૭૭/બી, મોજે–પરિયા, ઓલપાડ, સુરત, ગુજરાત. **ક્ષેત્રફળ ૫૮.૨૫ ચો.મી.**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો
ઉમેશભાઇ વસાવા, શ્રીમતી નિમિષાબેન ઉમેશભાઇ વસાવા (A/c No.) LNBHA00721-220195618	૦૬–એપ્રિલ–૨૩ રૂા. ૧૭૫૭૮૯૮/– ૦૫–એપ્રિલ–૨૩ મુજબ	પ્લોટ નં. ૪૫૪, શ્રી ઇન્દ્રપ્રસ્થ રેસિડેન્સી, નર્મદા હોટેલ પાસે, વાઘી રોડ, મોજે–ગામ–અનદાદા, પેટા જિલ્લો–અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત. **ક્ષેત્રફળ ૭૦.૦૭ ચો.મી.**	૧૩–૦૬–૨૩ નાં રોજ સાંકેતિક કબજો લીધો

સ્થળ : જયપુર તારીખ : ૧૫–૦૬–૨૦૨૩ **અધિકૃત અધિકારી આવાસ ફાયનાન્સિયર્સ લીમીટેડ**

એસબીએફસી ફાયનાન્સ લીમીટેડ

SBFC

રજીસ્ટર્ડ ઓફીસ: યુનિટ નં.૧૦૩, પહેલો માળ, સી એન્ડ બી સ્કવેર, સંગમ કોમ્પલેક્ષ, ગામ ચકલા, અંધેરી–કુર્લા રોડ, અંધેરી (પુર્વ), મુંબઇ–૪૦૦૦૫૯

કબજા નોટીસ

(સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૨) મુજબ)

એસબીએફસી ફાયનાન્સ લીમીટેડના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ મળતી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે જણાવેલ દેવાદારો/સહ–દેવાદારોને માંગણા નોટીસ જારી કરી જણાવેલ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટીસમાં જણાવેલ રકમ ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર/સહ–દેવાદારો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર/સહ–દેવાદારોને નોટીસ આપવામાં આવે છે કે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ નિયમોના નિયમ ૮ સાથે વંચાતી જણાવેલ એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ તે/તેણીને મળતી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ મિલકતનો કબજો નીચે જણાવેલ તારીખોએ લઇ લીધો છે.

ખાસ કરીને દેવાદાર/સહ–દેવાદારો અને જાહેર જનતાને આથી મિલકત સાથે કોઇ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઇપણ સોદો **એસબીએફસી ફાયનાન્સ લીમીટેડ**ના ચાર્જને આધિન રહેશે.

દેવાદારોનું નામ અને સરનામું અને માંગણા નોટીસની તારીખ	મિલકત(તો) ની વિગત અને કબજાની તારીખ	કબજા નોટીસમાં માંગણાની રકમ (રૂપિયામાં)
૧. ધર્મિષ્ઠા એફ. ખારોડિયા, તમામનું સરનામું : એ બિલ્ડીંગ, ત્રીજો માળ, ૩૯ હરીજન સ્ટાફ ક્વાર્ટસ પંપીંગ સ્ટેશન સૈયદપુરા મેઇન રોડ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૨ **માંગણા નોટીસની તારીખ :** **૧૧–૦૫–૨૦૨૧ લોન નંબર :** 04100009329DH (PR00682015)	પ્લોટ નં. ૫૨, ક્ષેત્રફળ ૫૮.૫૮ ચો.મી. અને પ્રપોશનેટ રોડ અને સીઓપીનો હિસ્સો, ક્ષેત્રફળ ૩૬.૯૨ ચો.મી., કુલ ક્ષેત્રફળ ૯૫.૫૦ ચો.મી., 'પરમ રો હાઉસ' તરીકે જાણીતી, જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૮૭/૩, બ્લોક નં. ૮૦૪, રેવન્યુ સર્વે નં. ૫૮૭/૧, બ્લોક નં. ૮૦૫, સિટી સર્વે નં. ૫૫૯૮, ક્ષેત્રફળ ૧૫૬૮૨ ચો.મી., મોજે–ઓલપાડ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૫ ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **કબજાની તારીખ : ૧૦–જુન–૨૦૨૩**	રૂા. ૨૧૩૫૧૭૭/– (રૂપિયા એકવીસ લાખ પાંત્રીસ હજાર એકસો સીત્યોત્તેર પુરા) ૦૯–૦૫–૨૦૨૩ મુજબ

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયમર્યાદા અંગે એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થળ : સુરત **સહી/– અધિકૃત અધિકારી**
તારીખ : ૧૫/૦૬/૨૦૨૩ **એસબીએફસી ફાયનાન્સ લીમીટેડ**

ભારતીય સ્ટેટ બેંક

SBI

બ્રાંચ ઓફીસ મુકામ– સાંગેરી ગેટ, એમ આઇ રોડ, જયપુર, રાજસ્થાન– ૩૦૨૦૦૩.

માંગણા નોટીસ

જણાવવાનું કે નીચે જણાવેલ દેવાદારો / સહ–દેવાદારોએ રીલાયન્સ હોમ ફાયનાન્સ લીમીટેડ ("આરએચએફએલ") પાસેથી નાણાંકિય સહાય મેળવી હતી. નીચે જણાવેલ એસાઇનમેન્ટ ડીડ મુજબ, આરએચએફએલે નાણાંકિય સહાયો અને અન્ય હકો ભારતીય સ્ટેટ બેંકને તબદીલ કર્યા હતા અને સોંપ્યા હતા. તદ્અનુસાર ભારતીય સ્ટેટ બેંક નીચે જણાવેલ સિક્યોરીટીને ટાંચમાં લેવા સહીતના તમામ કાર્યવાહી કરવાની સત્તા ધરાવે છે. અમે જણાવીએ છીએ કે નાણાંકિય સહાય લીધી હોવા છતાં, દેવાદારો / ગીરવેદારોએ નિયત તારીખો મુજબ મુદ્દલ અને વ્યાજની પરત ચુકવણીમાં વિવિધ કસુર કર્યા છે. એકાઉન્ટો રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા મુજબ અહી નીચે જણાવેલ તારીખોએ નોન પરફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કર્યા છે. પરિણામે અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફૈસી એક્ટ) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળતી સત્તાનો ઉપયોગ કરીને અહી નીચે જણાવેલ તારીખોએ માંગણા નોટીસ જારી કરી નીચેના દેવાદારો / ગીરવેદારોને નોટીસમાં જણાવેલ રકમ નોટીસમાં જણાવેલ રકમ પર કરારના દરે ચડત વ્યાજ તેમજ ચુકવણીની તારીખ સુધીના આક્સ્મિક ખર્ચ, કોસ્ટ ચાર્જ વગેરે સહીત નોટીસો મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું. તેમને તેમના છેલ્લા સરનામાં પર જારી કરાયેલ નોટીસો બજવણી વગર પરત ફરી હતી અને આથી તેમને આ અંગે જાહેર નોટીસના માર્ગે જાણ કરવામાં આવે છે.

દેવાદારનું નામ / સરનામું	નોટીસ, એનપીએ અને ડીડ ઓફ એસાઇમેન્ટ (ડીઓએ) ની તારીખ	લોન અને બાકી રકમ	સિક્યોર્ડ મિલકતોની વિગત
૧. સનવરમલ સુથાર, ૨. મંજુ સનવરમલ સુથાર, ૨/૧૯૫૫, ફ્લેટ ૫૭, સી–૧, કૈલાશનગર ફ્લેટ કો.ઓ. સોસાયટી, શાંતી ડાઇંગ પાસે, સંગ્રામપુરા, સુરત, ગુજરાત–૩૯૫૦૦૨	**નોટીસ તારીખ :** ૧૬–એપ્રિલ–૨૦૨૩ **એનપીએ તારીખ :** ૧૦–નવેમ્બર–૨૦૨૨ **ડીડ ઓફ એસાઇમેન્ટ :** ૨૯–ડિસેમ્બર–૨૦૧૮	**લોન એકાઉન્ટ નં. :** RHAHSUR000067221 (PR00752318) **લોનની રકમ : રૂા. ૧૮,૫૦,૦૦૦/–** **બાકી રકમ : રૂા. ૧૭૩૮૨૨૧/–** (રૂપિયા સત્તર લાખ આડત્રીસ હજાર બસ્સો એકવીસ પુરા) **૧૧–એપ્રિલ–૨૦૨૩ મુજબ**	ફ્લેટ નં. સી/૫૦૧, ક્ષેત્રફળ ૬૦૭.૦૦ ચો. ફુટ અંદાજે ૫૬.૪૨ ચો.મી. બિલ્ટ અપ એરિયા અને ૫૫૮.૦૦ ચો. ફુટ અંદાજે ૫૧.૮૩ ચો.મી. કાર્પેટ એરિયા, પાંચમો માળ, બિલ્ડીંગ નં. સી, સ્વસ્તીક લેક તરીકે જાણીતી, ડિંડોલી, રેવન્યુ સર્વે નં. ૭૩, ૮૧, બ્લોક નં. ૧૨૩, ટીપી સ્કીમ નં. ૬૯, (ગોડાદરા–ડિંડોલી), ફાઇનલ પ્લોટ નં. ૧૧૧ પૈકી સબ પ્લોટ નં. ૧, ગામ–ડિંડોલી, તાલુકો–ઉધના સિટી, જિલ્લો–સુરત ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા.

સદરહું સંજોગોવસાત, આથી દેવાદારો, સહ–દેવાદારોને આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ઉપર જણાવેલ બાકી રકમો ચડત વ્યાજ અને લાગુ ચાર્જ સહીત ચુકવી જવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં આ નોટીસની તારીખથી ૬૦ દિવસ પુરા થયા પછી સરફૈસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૪) અને તે હેઠળ લાગુ નિયમો હેઠળ દેવાદારો અને ગીરવેદારોની સિક્યોર્ડ એસેટોનો કબજો લેવા સહીત સિક્યોર્ડ એસેટો સામે અન્ય પગલા લેવામાં આવશે.

નોંધ લેવી કે જણાવેલ એક્ટની કલમ ૧૩ (૧૩) હેઠળ દેવાદાર, સિક્યોર્ડ લેણદારની આગોતરી લેખીત મંજુરી વગર નોટીસમાં દર્શાવેલ તેમની કોઇપણ સિક્યોર્ડ એસેટોને વેચાણ, ભાડે અથવા અન્ય કોઇ રીતે તબદીલી કરી શકશે નહી.

તારીખ : ૧૫.૦૬.૨૦૨૩ **સહી/– અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા**

ઇન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ

IndiaShelter Home Loans

રજીસ્ટર્ડ ઓફીસ : પ્લોટ–૧૫, છઠ્ઠો માળ, સેક્ટર–૪૪, ઇન્સ્ટીટ્યુશન એરિયા, ગુરુગ્રામ, હરિયાણા–૧૨૨૦૦૨ **શાખા ઓફીસ :** શોપ નં. યુ–૧૦/૧૧, સર કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર, ઉધના મેઇન રોડ, સુરત–૩૯૫૦૦૨

જાહેર નોટીસ– સ્થાવર મિલકતોના વેચાણની હરાજી

(સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨) ના નિયમ ૯(૧) હેઠળ)

સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ ઇન્ડિયા શેલ્ટર કોર્પોરેશન (આઇએસએફસી) (સિક્યોર્ડ લેણદાર) ને ગીરો કરાયેલ સ્થાવર મિલકત(તો) ના વેચાણ માટે નોટીસ

આથી ખાસ કરીને દેવાદાર(રો), સહ–દેવાદાર(રો) અને જામીનદાર (રો) અથવા તેમના કાનુની વારસદારો/પ્રતિનિધિઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત/તો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જડ કરાયેલ છે, જેનો કબજો આઇએસએફસી (સિક્યોર્ડ લેણદાર) ના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું વેચાણ નીચે જણાવેલ દેવાદારો, સહ–દેવાદારો અથવા જામીનદારો પાસેથી બાકી રકમની વસુલાત માટે "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે **૧૭–જુલાઇ–૨૦૨૩** ના રોજ વેચવામાં આવશે. રીઝર્વ કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝીટ નીચે જણાવેલ છે. જાહેર હરાજીમાં ભાગલેવા માટે ઇએમડીની રકમ સાથેના સીલબંધ એન્વેલોપ શાખા/કોર્પોરેટ ઓફીસમાં **૧૫–જુલાઇ–૨૦૨૩** ના રોજ અથવા એ પહેલા આઇએસએફસીના અધિકૃત અધિકારીને જમા કરવાના રહેશે.

લોન એકાઉન્ટ નં.	દેવાદાર(રો)/ સહ દેવાદાર(રો) /જામીનદાર/(રો) /કાનુની વારસદાર(રો) /કાનુની પ્રતિનિધિ(ઓ)ના નામ	માંગણા નોટીસની તારીખ / તારીખ મુજબ બાકી રકમ	કબજાનો પ્રકાર (પ્રત્યક્ષ/પરોક્ષ)	રીઝર્વ કિંમત	અર્નેસ્ટ મની
HL11LILON S000005012 265	**શ્રીમતી સીમરન પુરોહિત અને શ્રી જિતેન્દ્ર પુરોહિત**	**૧૬–જુલાઈ–૨૦૨૨** **રૂા. ૯,૪૩,૯૩૫.૮૧ /–** (રૂપિયા નવ લાખ તેતાલીસ હજાર નવસો પાંત્રીસ અને એકયાંશી પૈસા પુરા)	**ભૌતિક કબજો**	રૂા. ૭,૦૦,૦૦૦ /– (રૂપિયા સાત લાખ પુરા)	રૂા. ૭૦,૦૦૦ /– (રૂપિયા સીત્તેર હજાર પુરા)

મિલકતની વિગત : પ્લોટ નં. ૧૧૩, ક્ષેત્રફળ ૬૬.૫૦ ચો. યાર્ડ અંદાજે ૫૫.૬૦ ચો.મી., પ્રથમ રેસિડેન્સી, બિન–ખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. ૩૧૮/૩૨૦ પછીનો રેવન્યુ સર્વે નવો બ્લોક નં. ૩૭૫ જુનો બ્લોક નં. ૩૫૨ પૈકી ૨, મોજે–ગામ–હલધારુ સુરત, ગુજરાત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ:સીમા :** પુર્વ : પ્લોટ નં. ૮૮, પશ્ચિમ : સોસાયટીનો રોડ, ઉત્તર : અન્ય બ્લોક, દક્ષિણ : પ્લોટ નં. ૧૧૨.

શરતો અને નિયમો:

૧) નિયત ટેન્ડર/બીડફોર્મ અને વેચાણની શરતો અને નિયમો શોપ નં. યુ–૧૦/૧૧, સર કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર, ઉધના મેઇન રોડ, સુરત–૩૯૫૦૦૨ ખાતેની શાખા/કોર્પોરેટ ઓફીસે કોઇપણ ચાલુ દિવસે સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ રહેશે.
૨) સ્થાવર મિલકત રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહી.
૩) ઉપરોક્ત મિલકત/તોની ખરીદી માટે જમા કરાયેલ તમામ બીડ/ટેન્ડરો ઉપર જણાવેલ અર્નેસ્ટ મની સહીત હોવા જોઇએ. ઇએમડીની રકમ દિલ્હીમાં ચુકવવાપાત્ર ઇન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડની તરફેણમાં હોવી જોઇએ. ઈએમડીની રકમ હરાજી પછી અસફળ બીડરોને પરત કરવામાં આવશે.
૪) સૌથી ઉંચા બીડરને સફળ બીડર તરીકે ઘોષિત કરવામાં આવશે. જણાવાનું કે તે/તેણી બીડ કરવા કાયદાકીય રીતે લાયક હોવાજોઇએ વધુમા જણાવાનું કે બીડની રકમ રીઝર્વ કિંતથી ઓછી ન હોવી જોઇએ. ઓફર કરાયેલ રકમ અપુરતી લાગે અથવા તેનો સ્વીકાર સલાહ ભર્યો ન લાગે ત્યારે સૌથી ઉંચી બીડને ઇન્કાર/સ્વીકારની અધિકૃત અધિકારીની સુઝબુઝને આધિન રહેશે.
૫) ભાવી બીડરો આગોતરી મુલાકાતથી તા. ૦૫.૦૭.૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ અને સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન મિલકત જોઇ શકે છે.
૬) સફળ બીડર તરીકે ઘોષીત કરાયેલ વ્યક્તિ ઘોષણા પછી તરત જ ખરીદીના નાણાં/સર્વોચ્ચ બીડની રકમના ૨૫ ટકા ઇએમડી સહીત અધિકૃત અધિકારીને ૨૪ કલાકમાં જમા કરવાના રહેશે. આવા જમામાં કસુર ના કિસ્સામાં, મિલકત સત્વરે ખાનગી સોદા દ્વારા ફરી હરાજી/વેચાણ કરવામાં આવશે.
૭) ઉપર જણાવ્યા મુજબ પ્રારંભિક ડિપોઝીટના કિસ્સામાં, ખરીદની કિંમતના બાકીનાં નાણાં ખરીદારે મિલકતના વેચાણની મંજુરીની તારીખથી ૧૫ દિવસની અંદર અથવા તે પહેલા અધિકૃત અધિકારીને જમા કરવાના રહેશે. આવા દિવસો સિવાય અથવા ૧૫મો દિવસ રવિવાર અથવા અન્ય રજા હોય તો, ૧૫માં દિવસ પછીના પહેલા ઓફીસના દિવસે જમા કરવાના રહેશે.
૮) ઉપર જણાવેલ ગાળા દરયિાન કોઇપણ ચુકવણીમાં કસુરના કિસ્સામાં, મિલ્કત ખાનગી સોદા દ્વારા ફરી હરાજી/વેચાણ માટે મુકવામાં આવશે. જમા કરેલ રકમ તેમજ ઇએમડી ઇન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જપ્ત કરવામાં આવશે અને કસુરવાર ખરીદાર મિલકત પ્રત્યેના તમામ હકો ગુમાવશે.
૯) ઉપરોક્ત વેચાણ આઇએસએફસીની અંતિમ મંજુરીને આધિન રહેશે, ઇચ્છુક વ્યક્તિઓને કાનુની અને અન્ય બાકી જેવી કે વેચાણ/મિલકત વેરા, ઇલેક્ટ્રીસીટી બાકી અને સોસાયટીના બાકી, સંબંધિત ડિપાર્ટમેન્ટ/ઓફીસોની બાકી અંગે ચકાસણી/ ખાતરી કરવા વિનંતી છે. કંપની મિલકત પરની કોઇપણ બાકી રકમની ચુકવણીની જવાબદારી લેતી નથી.
૧૦) ૧ ટકા ટીડીએસ, જો , હોય તો, ઘોષિત કરાયેલ સૌથી ઉંચી બીડની રકમ પર સૌથી ઉંચા બીડરે ચુકવવાપાત્ર રહેશે. સૌથી ઉંચા બીડર દ્વારા જમા કરાયેલ તમામ ચુકવણઇઓ કંપનીના પાનમાં હોવી જરૂરી છે. અને ચલાનની નકલ કંપનીમાં જમા કરવાની રહેશે.
૧૧) વેચાણ ચુસ્તપણે આ જાહેરાતમાં જણાવેલ અને નિયત ટેન્ડર ફોર્મમા જણાવેલ શરતો અને નિયમોને આધિન રહેશે.
૧૨) સફળ બીડર/ખરીદાર કાનુની મજબ લાગુ રજીસ્ટર્ડ વેચાણ સર્ટીફીકેટ મેળવવા માટે તમામ સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી અને આકસ્મિક ખર્ચા ભોગવવાના રહેશે.
૧૩) અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર બીડનો સ્વીકાર અથવા ઇન્કાર અથવા ટેન્ડર મોકુફ/મુલ્તવી/રદ કરવાનો સંપુર્ણ હક ધરાવે છે અને કોઇપણ આગોતરી નોટીસ વગર આ વેચાણની કોઇપણ શરતો અને નિયમોમાં સુધારો કરવાનો પણ હક ધરાવે છે.
૧૪) ઇચ્છુક બીડરો ઓફીસ કલાકો **(સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા) દરમિયાન શ્રી કિશન ચૌહાણ અને શ્રી વિનોદ ઇંગોલે મો. ૬૩૫૪૦૫૩૦૩૨/ ૯૬૨૪૧૭૪૨૩૦** નો સંપર્ક કરી શકે છે.

દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૩૦ દિવસીય વેચાણ નોટીસ

આથી ઉપરોક્ત દેવાદારો/ગીરવેદારો/જામીનદારોને હરાજીની તારીખ પહેલા કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસમાં જણાવેલ રકમ વ્યાજ અને ખર્ચ સહીત ચુકવવા જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઇ હોય તો, વ્યાજ અને ખર્ચ સહીત તમારી પાસેથી વસુલવામાં આવશે

તારીખ: ૧૫.૦૬.૨૦૨૩ સ્થળ: ગુજરાત **ઇન્ડિયા શેલ્ટર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ વતી, અધિકૃત અધિકારી, શ્રી કિશન ચૌહાણ, મો. ૬૩૫૪૦૫૩૦૩૨**

કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ

kotak Kotak Mahindra Bank

મિલકતોનું ઓનલાઇન ઈ–હરાજી વેચાણ

રજીસ્ટર્ડ ઓફીસ : ૨૭ બીકેસી, સી–૨૭, જી–બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઇસ્ટ), મુંબઇ, મહારાષ્ટ્રા, પીનકોડ–૪૦૦ ૦૫૧, શાખા ઓફીસ : જી૧, ટ્વીન ટાવર, સહારા દરવાજા, રિંગ રોડ–૩૯૫૦૦૨

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ ના નિયમ ૯ (૧) અને ૮(૫)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર(રો) જામીનદારો) જેમની વિગતો નીચે કોષ્ટકમાં આપેલ છે તેમને અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહીં નીચે દર્શાવેલ મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જડ કરાયેલ છે, જેનો ભૌતિક કબજો કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ સીટીફાયનાન્સિયલ કોન્ઝ્યુમર ફાયનાન્સ ઇન્ડિયા લીમીટેડ (અહીં પછી સીસીએફઆઇએલ તરીકે દર્શાવેલ છે) દ્વારા તેની તરફેણમાં કરાયેલ એસાઇનમેન્ટ ઓફ ડેબ્ટ અન્વયે ૦૭.૦૩.૨૦૨૨ના રોજ લીધો છે, જેનું જ્યાં છે, જે છે અને જેમ છેના ધોરણે ૧૪.૦૭.૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા દરમિયાન, ૫ મિનિટના અનલીમીટેડ એક્સ્ટેન્શન સાથે, શ્રી મહેશભાઇ રવજીભાઇ પટેલ અને શ્રીમતી સરોજબેન મહેશબાઇ પટેલની લોન એકાઉન્ટ નં. ૧૪૭૬૧૧૮૨ હેઠલની બાકી રકમ રૂા. ૧૭,૪૦,૯૦૫/– (રૂપિયા સત્તર લાખ ચાલીસ હજાર નવસો પાંચ પુરા) ૧૩.૦૬.૨૦૨૩ મુજબ તેમજ છુટકારા સુધી ૧૪.૦૬.૨૦૨૩ થી વાર્ષિક ૨૪ ટકાના દરે ચડત વ્યાજની વસુલાત માટે વેચવામાં આવશે. રીઝર્વ કિંમત રૂા. ૭,૦૦,૦૦૦/– (રૂપિયા સાત લાખ પુરા) રહેશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂા. ૭૦,૦૦૦/– (રૂપિયા સિત્તેર હજાર પુરા) રહેશે. ઇએમડી તેમજ કેવાયસી જમા કરવાની છેલી તારીખ ૧૩.૦૭.૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી છે.

મિલકતની વિગત: પહેલા માળની પ્રિમાઇસીસમાં શોપ નં. ૧૯, ક્ષેત્રફળ પુર્વ– પશ્ચિમ લંબાઇ ૩૦ ફુટ અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૧૨ ફુટ કુલ ક્ષેત્રફળ ૩૬૦ ચો.ફુટ એટલે કે ૩૩.૪૪ ચો.મી., તેમજ જમીનમાં ન વહેચાયેલ હિસ્સો ૮.૩૬ ચો.મી., પહેલો માળ, અંબિકા શોપીંગ સેન્ટર, ગુજરાત રાજ્ય, જિલ્લો સુરત, પેટા જિલ્લો અને તાલુકો કામરેજ, મોજે નવાગામ, બ્લોક નં. ૧૨૧, કોર્મસીયલ પ્લોટ પૈકી એ ટાઇપ પ્લોટ નં. ૧ થી ૧૬ પૈકીની જમીન પર બંધાયેલ સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા.

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય મર્યાદા અંગે એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ ૮ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાએ નોંધ લેવી કે જો અહી જણાવેલ હરાજી શીડ્યુલ્ડ કોઇ કારણસર નિષ્ફળ જાય તો સિક્યોર્ડ લેણદાર ખાનગી સંધીથી વેચાણના માર્ગે સિક્યોરીટી ઇન્ટરેસ્ટનો ઉપયોગ કરી શકે છે. વેચાણ હેઠળની મિલકતોના સબંધમાં કોઇપણ સ્પષ્ટતા/ જરૂરીયાતના કિસ્સામાં બીડરો શ્રી કિશોર અરોરા (+૯૧ ૭૨૨૭૯૫૩૪૫૭), શ્રી બ્રીજેશ પરમાર(+૯૧ ૯૭૨૭૭૩૯૧૫૮), શ્રી અક્ષિત સોલંકી (+૯૧ ૭૩૦૨૧૧૧૬૦૮), શ્રી રાજેન્દ્ર દહીયા (+૯૧ ૮૪૪૮૨૬૪૫૧૫), શ્રી રવિન્દ્ર ગોડાદરા (+૯૧ ૯૯૮૩૯૯૯૦૭૪) નો સંપર્ક કરી શકે છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કોટક મહિન્દ્રા બેંકની વેબસાઇટ www.kotak.com પર આપેલ લિંક https://www.kotak.com/en/bank-auctions.html અને/અથવા https://bankauctions.in જોવા વિનંતી છે.

સ્થળ: સુરત, તારીખ: ૧૫.૦૬.૨૦૨૩ **અધિકૃત અધિકારી, કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ વતી**

એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ

AU SMALL FINANCE BANK A SCHEDULED COMMERCIAL BANK

(શિડ્યુલ્ડ કોર્મસીયલ બેંક)
(CIN : L36911RJ1996PLC011381)
રજીસ્ટર્ડ ઓફીસ : ૧૯–એ,ધુળેશ્વર ગાર્ડન, અજમેર રોડ, જયપુર–૩૦૨૦૦૧

પરિશિષ્ટ ૪ [જુઓ નિયમ ૮(૧)] કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી, **એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ (શીડ્યુલ કોર્મસીયલ બેંક)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ (૩) સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને **૧૩–ફેબ્રુઆરી–૨૩** ના રોજ માંગણા નોટીસ જારી કરી દેવાદાર **વિજયભાઇ ચાવડા (દેવાદાર), મનિષકુમાર મગનલાલ ચાવડા (સહ–દેવાદાર), મહેન્દ્ર મગનલાલ ચાવડા (સહ–દેવાદાર), મગનલાલ અમરાભાઇ ચાવડા (સહ–દેવાદાર), શ્રીમતી ઝબુબેન મગનલાલ ચાવડા (સહ–દેવાદાર) (લોન એકાઉન્ટ નં. L9001060100051264)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૭,૮૨,૦૧૩/– (રૂપિયા સાત લાખ બ્યાંસી હજાર તેર પુરા)** ચુકવવા જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર/ગીરવેદાર અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વંચાતી એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ તે/તેણીને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે જણાવેલ મિલકતો કબજો **૦૯ જુન, ૨૦૨૩** ના રોજ લઈ લીધો છે.

ખાસ કરીને દેવાદાર/ ગીરવેદારો અને જાહેર જનતાને નીચે જણાવેલ મિલકત સાથે કોઇપણ જાતનો સોદો ન કરવા માટે સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઇપણ સોદો **એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ (શીડ્યુલ્ડ કોર્મસીયલ બેંક)** ની રકમ **રૂા. ૭,૮૨,૦૧૩/– (રૂપિયા સાત લાખ બ્યાંસી હજાર તેર પુરા) ૧૦–ફેબ્રુઆરી–૨૩** મુજબ અને પુરેપુરી ચુકવણી સુધી તેના પરના ચડત વ્યાજ અને ખર્ચના ચાર્જને આધિન રહેશે.

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોની વિગત

મિલકત મુકામ–૬૦, પૈકી વોર્ડ નં. ૨ અને ૩૩, સવગુન સોસાયટી, રામકૃષ્ણા મીશન પાસે, લીંબડી સ્ટેશન રોડ, જિલ્લો–સુરેન્દ્રનગર, ગુજરાત–૩૬૩૪૨૧ ખાતેની રેસીડેન્સયીલ/કોર્મસીયલ મિલક જમીન/બિલ્ડીંગ/સ્ટ્રક્ચર અને ફીક્ચર્સના તમામ ભાગ અને હિસ્સા. **ક્ષેત્રફળ ૬૬૭.૩૭ ચો. ફુટ જેના માલિક મગનભાઇ ચાવડા**

સહી/–
તારીખ: ૦૯.૦૬.૨૦૨૩ **અધિકૃત અધિકારી**
સ્થળ: અમદાવાદ **એયુ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ**

એગ્રીવાઇઝ ફિન્સર્વ લીમીટેડ

agriwise

(અગાઉ સ્ટાર એગ્રી ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી)
રજીસ્ટર્ડ ઓફીસ : ૬૦૧–૬૦૪, છઠ્ઠો માળ, શહર પ્લાઝા કોમ્પલેક્ષ, બોનાન્ઝા ઇન્ટરનેશનલ, જે બી નગર મેટ્રો સ્ટેશન પાસે, અંધેરી કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ–૪૦૦૦૫૯.

કબજા નોટીસ

(પરિશિષ્ટ ૪) નિયમ ૮(૧))

જત જણાવવાનું કે, **એગ્રીવાઇઝ ફિન્સર્વ લીમીટેડ, અગાઉ સ્ટાર એગ્રી ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી),** સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) ની જોગવાઇઓ હેઠળ નોન –બેકિંગ ફાયનાન્સિયલ કંપની, જે તેની રજીસ્ટર્ડ ઓફીસ: ૬૦૧, છઠ્ઠો માળ, સહારા પ્લાઝા કોમ્પેલક્ષ, બોનાન્ઝા ઇન્ટરનેશનલ, અંધેરી કુર્લા રોડ, જે બી નગર મેટ્રો સ્ટેશન પાસે, ચકલા, અંધેરી (ઇસ્ટ), મુંબઇ–૪૦૦૦૫૯ ખાતે ધરાવે છે (અહી પછી "મોર્ગેજી"તરીકે દર્શાવેલ છે) ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને **૦૧–એપ્રિલ–૨૦૨૩ ના** રોજ માંગણા નોટીસ જારી કરીને દેવાદાર, સહ–દેવાદાર અને સિક્યોરીટી પ્રદાતા એટલે કે સ્વ. જયેન્દ્રસિંહ ફતેસિંહ વાઘેલા, ત્રિશા જયેન્દ્રસિંહ વાઘેલા જે સ્વ.જયેન્દ્રસિંહ ફતેસિંહ વાઘેલાના પુત્રી, તેણીના કુદરતી ગાર્ડિયન મારફત, શ્રીમતી જાગૃતિબેન જયેન્દ્રસિંહ વાઘેલા જે સ્વ. જયેન્દ્રસિંહ વાઘેલાના પત્ની સરનામું: મંદિર વાળુ ફળિયું, પોઇચા, કનોડા, પોસ્ટ પોઇચા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા, ગુજરાત–૩૯૧૭૭૦ને નોટીસમાં જણાવેલ રકમ રૂા.૨૭,૧૬,૭૧૩/– (રૂપિયા સત્યાવીસ લાખ સોળ હજાર સાતસો તેર પુરા) ૨૯ માર્ચ, ૨૦૨૩ મુજબની બાકી રકમ તેમજ લાગુ ચડત વ્યાજ અને અન્ય ચાર્જિસની જણાવેલ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું. દેવાદારો/જામીનદારો રકમ ચુકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદારો અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ ૮ સાથે વંચાતી કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ તેમને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ મિલકતોનો **કબજો ૧૦ જુન, ૨૦૨૩** ના રોજ લઇ લીધો છે.

ખાસ કરીને દેવાદાર/સહ–દેવાદારો/ગીરવેદારો અને જાહેર જનતાને નીચે જણાવેલ મિલકત સાથે કોઇપણ જાતનો સોદો ન કરવા માટે સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઇપણ સોદો એગ્રીવાઇઝ ફિન્સર્વ લીમીટેડ અગાઉ સ્ટાર એગ્રી ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતીની રૂા. ૨૭,૧૬,૭૧૩/– (રૂપિયા સત્યાવીસ લાખ સોળ હજાર સાતસો તેર પુરા) ૨૯ માર્ચ, ૨૦૨૩ મુજબની બાકી રકમ તેમજ લાગુ ચડત વ્યાજ અને અન્ય ચાર્જિસને આધિન રહેશે.

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

શિડ્યુલ્ડ–૧

(સિક્યોરિટી/ગીરો મિલકતની વિગત)

મિલકત નં. ૦૭ એરિયા ક્ષેત્રફળ ૪૦×૬૦ ચો. ફુટ એટલે કે ૨૪૦૦.૦૦ ચો. ફુટ, મોજેપોઇચા, પેટા જિલ્લો–સાવલી–જિલ્લો–વડોદરા ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુ:સીમા : ઉત્તર : સુરેન્દ્રસિંહ નરપતસિંહનું ઘર, દક્ષિણ : વિજયસિંહ માહીજીભાઇ વાઘેલાનો ખુલ્લો પ્લોટ અને ઘર, પુર્વ : રોડ, પશ્ચિમ : ગનેજસિંહ છત્રસિંહનું ઘર

અધિકૃત અધિકારી
સ્થળ: પોઇચા **મેસર્સ એગ્રીવાઇઝ ફિનસર્વ લીમીટેડ**
તારીખ: ૧૦.૦૬.૨૦૨૩ **જુની સ્ટાર એગ્રી ફાયનાન્સ લીમીટેડ**

ઓમકારા એસેટ્સ રિકન્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

CIN: U67100TZ2014PTC020363 કોર્પોરેટ ઓફીસ : સી/૫૧૫, કનકીયા જીલીયોન, જંક્શન ઓફ એલબીએસ રોડ એન્ડ સીએસટી રોડ, બીકેસી એનેક્ષી, ઇક્યુનોક્ષ પાસે, કુર્લા (વેસ્ટ), મુંબઇ–૪૦૦૦૭૦ ઇમેઇલ : srajesh.jumani@omkaraarc.com/kshitij.kanulkar@omkaraarc.com
ફોન : ૦૨૨–૨૬૫૪૪૦૦૦, અધિકૃત અધિકારીનો મો. નં. : +૯૧૯૮૮૪૦૬૨૦૬૮/૯૦૦૪૪૨૨૫૪૦

(પરિશિષ્ટ–૪–એ)

(જુઓ નિયમ ૮(૬) નિયમ ૯(૧) ની જોગવાઇઓ)

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ–હરાજીની જાહેર નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) નિયમ ૯(૧) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્સન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (''સરફૈસી એક્ટ'') હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદારો અને જામીનદારો અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અહી નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદાને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો ઓમકારા એસેટ રીકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડના અધિકૃત અધિકારીએ લઇ લીધો છે. આ ઉપરાંત, ઓમકારા એસેટ રીકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડે (ઓએઆરપીએલ) (ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧–૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત) ઇન્ડસઇન્ડ બેંક લીમીટેડ (એસાઇનર બેંક) પાસેથી એસાઇનમેન્ટ એગ્રીમેન્ટ તારીખ ૨૫.૦૬.૨૦૨૧ દ્વારા નીચેના એકાઉન્ટોની પુરેપુરા બાકી લેણાં તેમજ એસાઇનર બેંક પાસેથી નીચેની સિક્યોરીટી પ્રાપ્ત કરેલ છે. તદ્અનુસાર, ઓએઆરપીએલે અસાઇનર બેંકના પેંગડામાં પગ મુક્યો છે અને બાકી રકમની વસુલાત કરવાની અને સિક્યોરીટીને ટાંમાં લેવાની સત્તા ધરાવેછે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીને દેવાદાર/ગીરવેદાર/સહ–દેવાદાર પાસેથી નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો ભૌતિક કબજો સોંપાયો છે.

આથી ઓએઆરપીએલના અધિકૃત અધિકારી બાકી રકમની વસુલાત માટે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોનું વેચાણ કરવા ઇચ્છે છે અને પરિણામે સિક્યોર્ડ મિલકતોની ખરીદી માટે સીલબંધ કવરોમાં ટેન્ડરો/બીડો મંગાવે છે. મિલકતો સરફૈસી એક્ટની કલમ ૧૩ (૨) અને (૪) ની જોગવાઇઓ હેઠળ પ્રાપ્ત હકો અને સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ દેવાદાર અને સહ–દેવાદાર(રો) પાસેથી સિક્યોર્ડ લેણદાર ઓએઆરપીએલની લાગતી વળગતી કોલમમાં નીચે દર્શાવેલ રકમની વસુલાત માટે "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે અને "કોઇ આશ્રય વિના" વેચવામાં આવશે. દેવાદાર(રો)/જામીનદારો/ગીરવેદારો, સિક્યોરીટીઝ, માલિક, બાકી રકમ, કલમ ૧૩ (૨) હેઠળ મોકલાયેલ માંગણા નોટીસની તારીખ, કબજાની તારીખ, રીઝર્વ કિંમત, બીડ વૃદ્ધિની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી), નિરિક્ષણની તારીખ અને સમયની વિગતો નીચે આપેલ છે.

ક્રમ નં.	દેવાદાર(રો) / જામીનદાર(રો)/ ગીરવેદારોનું નામ	સિક્યોર્ડ એસેટની વિગત	મિલકતના માલિક	કુલ બાકી રકમ ૦૫.૦૬.૨૦૨૩ મુજબ (રૂા.માં)	માંગણા નોટીસની તારીખ	કબજાની તારીખ	રિઝર્વ કિંમત (રૂા. લાખમાં)	બિડ વૃદ્ધિની રકમ	ઇએમડી	નિરિક્ષણની તારીખ અને સમય
૧.	મેસર્સ મારુતી ક્રિએશન (દેવાદાર), શ્રી હરેશભાઇ ભગવાનભાઇ કોરટ (સહ–દેવાદાર), શ્રી અમિતકુમાર બી. પટેલ (સહ–દેવાદાર), શ્રીમતી અનિતાબેન અમિતકુમાર પટેલ (સહ–દેવાદાર), શ્રી બલુભાઇ ગોવિંદભાઇ કઠરોટિયા (સહ–દેવાદાર), શ્રીમતી વિમલાબેન બી. કઠરોટિયા (ગીરવેદાર), શ્રીમતી ગીતાબેન હરેશભાઇ કોરટ (સહ–દેવાદાર), શ્રી ભગવાનજીભાઇ હીરજીભાઇ પટેલ (સહ–દેવાદાર)	પ્લોટ નં. ૧૧, સિટી સર્વે નોંધ નં. ૮૫૧૪ ક્ષેત્રફળ ૩૭૮.૧૮ ચો.મી., મુકામ–શ્રી રતના નગર કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લીમીટેડ, રેવન્યુ સર્વે નં. ૧૧૪/૧, ગામ–કુલપાડા, પેટા જિલ્લો–સિટી–સુરત, જિલ્લો–સુરત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ:સીમા :** પુર્વ : તેજેન્દ્રપ્રસાદ સોસાયટી, પશ્ચિમ : પ્લોટ નં. ૧૦, ઉત્તર : રોડ, દક્ષિણ : સોસાયટીનો રોડ	શ્રીમતી વિમલાબેન બલુભાઇ કઠરોટિયા ઉર્ફે પટેલ	રૂા. ૩,૦૫,૪૪,૫૮૦.૭૬/–	૦૧.૦૩.૨૦૨૨	૦૮.૦૧.૨૦૨૩ (ભૌતિક)	રૂા. ૪,૦૦,૦૦,૦૦૦	રૂા. ૫૦,૦૦૦/–	રૂા. ૪૦,૦૦,૦૦૦ /–	૧૫.૦૭.૨૦૨૩ (બપોરે ૦૧.૦૦ થી ૦૪.૦૦ કલાક)

એકાઉન્ટ નંબર : ૩૪૪૯૦૫૦૦૧૦૮૪, લાભાર્થીનું નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧–૨૨ ટ્રસ્ટ, બેંકનું નામ : આઇસીઆઇસીઆઇ બેંક, શાખા : બાંદ્રા (ઇસ્ટ), મુંબઇ, આઇએફએસસી કોડ : ICIC0003449

ઈ–હરાજીની તારીખ અને સમય : ૨૦.૦૭.૨૦૨૩ બપોરે ૦૧:૦૦ થી બપોરે ૦૨:૦૦ વાગ્યે | **ભાગીદારીનો બીડ લેટર/કેવાયસી દસ્તાવેજો/ઇએમડીના પુરાવા જમા કરવાની છેલી તારીખ અને સમય : ૧૮.૦૭.૨૦૨૩ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી**

શરતો અને નિયમો: વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે સિક્યોર્ડ લેણદાર (ઓએઆરપીએલ) ની વેબસાઇટ એટલે કે http://omkaraarc.com/auction.php અથવા સર્વિસ પ્રદાતાની વેબસાઇટ એટલે કે https://www.bankeauctions.com માં આપેલ લીંક જોવા વિનંતી છે.

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) નિયમ ૯(૧) હેઠળ વેચાણ માટે કાનુની નોટીસ

આ નોટીસ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) નિયમ ૯(૧) અને સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઇઓ હેઠળ ઉપર જણાવેલ તારીખ અને સમયે ઇ–હરાજી મારફત હરાજી/વેચાણ યોજવા અંગે તેમને જાણ કરતી ૩૦ દિવસીય કાનુની નોટીસ પણ છે, અને જો તેઓ ઇચ્છે તો ઉપર જણાવેલ બાકી રકમ તેમજ ૦૬.૦૬.૨૦૨૩ થી ચડત વ્યાજ અને વેચાણ બંધ થાય તે પહેલા કોઇપણ સમયે તમામ કોસ્ટ ચાર્જિસ અને ખર્ચ ચુકવીને મિલકતો પરત મેળવવા સલાહ છે. ચુકવણીમાં કસુરના કિસ્સામાં મિલકત અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદારની મુનસુફી મુજબ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૫) હેઠળ નિયત કોઇપણ રીત મારફત વેચવામાં આવશે.

તારીખ : ૧૩–૦૬–૨૦૨૩ **સહી/–અધિકૃત અધિકારી, ઓમકારા એસેટ્સ રીકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ**
સ્થળ : સુરત **(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧–૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત)**